PGVCL    પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ    PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૬/કવા–૦૧/૧૭–૧૮/ ૪૩૮૫    તા. 04/07/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ઘનશ્યામભાઈ હીરજીભાઈ સંઘાણી,
જી.આઈ.ડી.સી. ફેઝ નં–૩,
પ્લોટ નં–૩૦૭૫,
ગામ: દરેડ
તા. જામનગર
મો: ૯૮૨૫૨ ૧૧૯૦૨

**વિષય :–જે તે પ્લોટ મા બાકી લેણી રકમ છે કે નહી તે બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૩૧–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૬/કવા–૦૧/૧૭–૧૮)**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૪..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, જીઆઈડીસી પેટા વિભાગીય કચેરી, જામનગર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO:- 02 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૫૬/કવા–૦૧/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૩૦–૦૬–૧૭ સ્થળ : જામનગર

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ઘનશ્યામભાઈ હીરજીભાઈ સંઘાણી, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ઘનશ્યામભાઈ હીરજીભાઈ સંઘાણી વતી તેમના બનેવી જ્યેશભાઈ શંભુભાઈ રાદડીયા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : જીઆઈડીસી પેટા વિભાગીય કચેરી, જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ જામનગર)**

**રજુઆત કરનાર :એમ.આર.વૈશ્નવ (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૨ જામનગર)**

**: હુકમ :**

**ફરીયાદ : જે તે પ્લોટ મા બાકી લેણી રકમ છે કે નહી તે બાબત**

**મુદદા નં.–૧ :** **પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રુબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, જીઆઈડીસી દરેડ ખાતે આવેલ તેમના પ્લોટ નંબર: ૨૩૦ – ૨૩૯ – ૨૩૨ – જે પ્રથમ થી જ ખુલ્લો પ્લોટ છે, અને તેમા કોઈ બાંધકામ થયેલ ન હોય, તે સવાલવાળા પ્લોટ ની જમીન ખરીદી અને તેઓ શ્રી એ બાંધકામ કરી અને નવુ જોડાણ પીજીવીસીએલ પાસેથી માંગેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી, '' આ પ્લોટ પર – વર્ષ–૧૯૯૪ થી, વાય સ્ટેટસ હેઠળ ના, શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા'' ના નામના જોડાણ પરની, રકમ રૂ.૧,૦૩,૯૯૭/૯૧ બાકી લેણી હોવાના કારણોસર – તેઓના બાંધકામ કરાયેલ આ પ્લોટ પર નવુ જોડાણ આપી શકવાની કાર્યવાહી થઈ શકે નહી પીજીવીસીએલ ની આ મુજબ ની બાબત, જે વ્યાજબી ન હોય, એટલેકે '' તેઓ શ્રી નો સદર પ્લોટ ખરેખર – વર્ષો થી ખુલ્લો જ છે – તેમા અગાઉ કોઈ બાંધકામ કે જોડાણ હતુ જ નહી – આજે પણ ખુલ્લો જ છે. '' તેમ છતા, આ ખુલ્લા પ્લોટ મા, '' કહેવાતુ જોડાણ ખરેખર આવેલ ન હોવા છતા – પીજીવીસીએલ તરફથી, અગાઉ ની બાકી લેણી રકમ વાળુ જોડાણ, જે દર્શાવી અને તેમને જોડાણ ન આપવાની કાર્યવાહી પીજીવીસીએલ તરફથી કરાયેલ છે, '' પીજીવીસીએલ ની આ બાબત, કાયદાકીય નિયમાધીન યોગ્ય ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી એ, હાલ – જીઆઈડીસી દરેડ ખાતે આવેલ તેમના પ્લોટ નંબર: ૨૩૦ – ૨૩૯ – ૨૩૨ મા – નવા જોડાણ મેળવવા માટે ની પીજીવીસીએલ સમક્ષ, જે તા.૨૬–૦૫–૧૭ ના રોજ ની અરજી કરી અને માંગણી મુકેલ છે. તે જીઆઈડીસી દરેડ ખાતે આવેલ તેમના પ્લોટ નંબર: ૨૩૦ – ૨૩૯ – ૨૩૨ મા '' અગાઉ શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા ના નામનુ – ગ્રાહક નઃ ૮૭૧૦૧/૫૮૭૧૪/૩ '' વાળુ, ૧૦ હોપા નુ ઔદ્યોગીક વીજજોડાણ, જે અગાઉ અરજદાર શ્રી ને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી મંજુર કરાયેલ હતુ. અને અરજદાર શ્રી એ મંજુરી અન્વયે ના ભાવપત્રક ની રકમ રૂ.૧,૯૧૦/– તા.૧૪–૧૦–૧૯૯૩ ના રોજ ભરપાઈ કરી, અને તા.૨૨–૧૨–૧૯૯૩ ના રોજ કરારનામુ કરી અને તા.૨૬–૧૦–૧૯૯૩ ના રોજ ટેસ્ટ રીપોર્ટ પણ કચેરી મા રજુ કરેલ હતો. જેના અનુસંધાને, અરજદાર શ્રી નુ સદર જોડાણ, જે તે સમયે સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, મીટર લગાડી અને ચાલુ કરાયેલ હતુ. |

| | |
|---|---|
| ૨.૨ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે નુ, શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા ના નામનુ – ગ્રાહક નઃ ૮૭૧૦૧/૫૮૭૧૪/૩, જે અગાઉ મીટર લગાડી અને ચાલુ કરાયેલ હોય, આ જોડાણ નુ બીલીગ પણ નિયમીત પણે થયેલ હતુ. અને અરજદાર પક્ષકાર તરફથી, સદર બીલીગ ની રકમ નિયમીત પણે ભરપાઈ કરાયેલ ન હોવાના કારણોસર, સદર જોડાણ મા પીજીવીસીએલ ની બાકી લેણી એવી તા.૧૮–૧૧–૯૭ ના રોજ ની રકમ રૂ.૨૯,૨૩૧/૦૯ ની વસુલાત માટે ની કાર્યવાહી કરાયેલ હતી. પરંતુ, અરજદાર શ્રી તરફથી સદર રકમ પીજીવીસીએલ મા ભરપાઈ થયેલ ન હતી. વર્ષ–૨૦૦૦–૨૦૦૧ દરમ્યાન સદર જોડાણ મા, '' વાય–સ્ટેટસ હેઠળ ના બીલીગ મુજબ '' કુલ રૂ.૬૮,૪૫૯/૬૬ બાકી લેણી રકમ હતી. જેથી, જેતે સમયે સદર જોડાણ વાય–સ્ટેટસ હેઠળ, વર્ષ–૨૦૦૧ થી મુકાયેલ હતુ. અને આ રકમ, આજદિન સુધી ની ગણતરી – એટલેકે, માહે મે–૨૦૧૭ સુધી ની ગણતરીએ, કુલ રૂ.૧,૦૨,૮૫૭/૯૧, જે મુળ શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા ના નામના – ગ્રાહક નઃ ૮૭૧૦૧/૫૮૭૧૪/૩ ના સદર જોડાણ મા બાકી લેણી રહેલ છે. જેની વસુલાત માટે પીજીવીસીએલ તરફથી હાલ તા.૦૮–૦૭–૧૭ ના રોજ, પ્રાથમીક કક્ષાની કાનુની રાહની – '' પ્રી–લીટીગેશન– લોક અદાલત સમન્સ નોટીસ '' – જે પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, બાકી દાર એવા શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા ને અપાયેલ છે. પીજીવીસીએલ ની સબંધક કચેરી ના હાલ ના તબ્બકે, ઉપલબ્ધ એવા રેકર્ડ અભ્યાસે લેતા, '' શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા ના નામના – ગ્રાહક નઃ ૮૭૧૦૧/૫૮૭૧૪/૩, જે ખરેખર, જી.આઈ.ડી. સી. ના રેકર્ડ મુજબ એલોટમેન્ટ કરાયેલા એવા આ પ્લોટ નંબરઃ ૨૩૦ – ૨૩૯ – ૨૩૨ ઉપર જ '' આ જોડાણ, કે જેમા હાલ ના તબ્બકે, પીજીવીસીએલ ની કુલ બાકી લેણી રકમ રૂ.૧,૦૨,૮૫૭/૯૧, જે વસુલાત ની કાર્યવાહી હેઠળ આવરી લેવાયેલ છે, તે જોડાણ, જે શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા ના નામ પર જ અગાઉ અપાયેલ હોવાની, સદર જોડાણ ના તમામ રેકર્ડ આધારીત દસ્તાવેજીક પેપર્સ મુજબ બીલકુલ સ્પષ્ટ થયેલ છે. આમ, હાલ ના તબ્બકે, સદર પ્લોટ નંબરઃ ૨૩૦ – ૨૩૯ – ૨૩૨ ઉપર, અગાઉ ના વીજ ગ્રાહક પર પીજીવીસીએલ ની બાકી લેણી રકમ વસુલાત ને પાત્ર હોય, પીજીવીસીએલ મા રહેલ એવી, નામદાર જીઈઆરસી ના માર્ગદર્શક ધારાધોરણ અન્વયે ની, પીજીવીસીએલ ની, નિયમાધીન અંતર્ગત ની કાર્યવાહી હેઠળ, ફરીયાદી અરજદાર શ્રી ને, તેમની સબંધક કચેરી મા રજુ કરાયેલ એવી, તા.૨૬–૦૫–૧૭ ની અરજી પર, નવુ જોડાણ આપી શકાય નહી. આ બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |
| ૨.૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, રજુઆત અને ફોરમ કમિટી ની મીટીગ દરમ્યાન, ફોરમ કમિટી દ્વારા મળેલ સુચનાત્મક આદેશ મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ની માંગણી મુજબ ના – '' મુળ જીઆઈડીસીના એલોટમેન્ટ કરાયેલ એવા સવાલવાળા પ્લોટ નંબરઃ ૨૩૦ – ૨૩૯ – ૨૩૨ મા, જે અગાઉ, પીજીવીસીએલ ના મુળ દેવાદાર એવા શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા ના નામના – ગ્રાહક નઃ ૮૭૧૦૧/૫૮૭૧૪/૩ વાળા સ્થળ ની – (૧) કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં–૨, જામનગર (૨) નાયબ ઈજનેર શ્રી, જીઆઈડીસી પેટા વિભાગીય કચેરી, જામનગર (૩) ફરીયાદી અરજદાર શ્રી ઘનશ્યામભાઈ હિરજીભાઈ સંઘાણી તથા (૪) અન્ય બે નિષ્પક્ષ નાગરીકો – શ્રી પ્રકાશભાઈ જી. રામાણી – તેમજ શ્રી હિરેનભાઈ એન. સંઘાણી " તરફથી – ફરીયાદી અરજદાર શ્રી ની નવા જોડાણ ની માંગણી મુજબ ના, સદર પ્લોટ નુ રૂબરૂ ઉપસ્થિત રહી અને, તા.૨૨–૦૭–૧૭ ના રોજ, વિધીસર નુ સ્થળ રોજકામ કરાયેલ હતુ. આ સ્થળ રોજકામ દરમ્યાન, સદર પ્લોટ નંબરઃ ૨૩૦ – ૨૩૯ – ૨૩૨, જે ત્રણેય પ્લોટ, ભેગા કરી અને એક કોમન પ્લોટ બનેલ છે, અને એ મુજબ ના આ કોમન પ્લોટ મા – કોમન એવો એક લોખંડ નો દરવાજો આવેલ છે. દરવાજો ખોલી અને અંદર જતા, આ પ્લોટ મા કોઈ અગાઉ બાંધકામ થયેલ ન હોવાની બાબત જણાયેલ છે, પરંતુ, પીજીવીસીએલ ના અગાઉ ના દેવાદાર એવા શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા એ, આ કોમન પ્લોટ મા એક જોડાણ અગાઉ – '' માટી સફાઈ કામગીરી '' માટે ના હેતુ થી, સવાલવાળા વીજ ગ્રાહક વાળુ, અગાઉ આ જોડાણ, જે માટી ની કાચી ઓરડી બનાવી અને મેળવી લીધેલ હોવાની બાબત બીલકુલ સ્પષ્ટ થયેલ છે. તેમજ, ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ નુ, '' હાલ ના તબ્બકે – જે મીટર આવેલ છે, તે થ્રી ફેઇઝ મીટર – જે અગાઉ ના ગ્રાહક નં.: ૮૭૧૦૧/૬૧૧૭૯/૬ – જે પરેશભાઈ હરીભાઈ નાખવા ના નામ સાથે નુ – હોવાની બાબત'' પણ જણાયેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ની માંગણી મુજબ ના, સદર પ્લોટ પર અગાઉ શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા ના નામનુ – ગ્રાહક નઃ ૮૭૧૦૧/૫૮૭૧૪/૩, કે જે જોડાણ પર, હાલ ના તબ્બકે, પીજીવીસીએલ ની કુલ બાકી લેણી રકમ રૂ.૧,૦૨,૮૫૭/૯૧, જે વસુલાત ની કાર્યવાહી હેઠળ આવરી લેવાયેલ છે, તે જોડાણ, જે શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા ના નામ પર જ , આ જ પ્લોટ નંબરઃ ૨૩૦ – ૨૩૯ – ૨૩૨ પર અગાઉ અપાયેલ હોવાની બાબત ને, સ્થળ ચકાસણી અન્વયે ના રોજકામ મુજબ સ્પષ્ટતાઓ મળેલ છે. |

| | |
|---|---|
| <u>૨.૪</u> | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૨ અને ૨.૩ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની તા.૨૬–૦૫–૨૦૧૭ ની, નવા જોડાણ ની માંગણી મુજબ ના આ પ્લોટ નંબરઃ ૨૩૦ – ૨૩૯ – ૨૩૨ ઉપર જ '' કે જેમા હાલ ના તબ્બકે, પીજીવીસીએલ ની કુલ બાકી લેણી રકમ રૂ.૧,૦૨,૮૫૭/૯૧, જે વસુલાત ની કાર્યવાહી – જે શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા ના નામ પર જ પીજીવીસીએલ દ્વારા ચાલુ કરાયેલ છે. આ બાબત ને, રેકર્ડ આધારીત દસ્તાવેજીક પેપર્સ તેમૅજ સ્થળ ચકાસણી મુજબ બીલકુલ સ્પષ્ટતાઓ મળેલ છે. આમ, હાલ ના તબ્બકે, સદર પ્લોટ નંબરઃ ૨૩૦ – ૨૩૯ – ૨૩૨ ઉપર, અગાઉ ના વીજ ગ્રાહક શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા પર પીજીવીસીએલ ની બાકી લેણી રકમ વસુલાત ને પાત્ર હોય, પીજીવીસીએલ મા રહેલ એવી, નામદાર જીઈઆરસી ના માર્ગદર્શક ધારાધોરણ અન્વયે ની, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની કાર્યવાહી હેઠળ – ફરીયાદી અરજદાર શ્રી ને, તેમની સબંધક કચેરી મા રજુ કરાયેલ એવી, તા.૨૬–૦૫–૧૭ ની અરજી પર, નવુ જોડાણ આપી શકાય નહી. આ બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |

<u>**મુદદા નં.–૩ :**</u> **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ઘનશ્યામભાઈ હીરજીભાઈ સંઘાણી એ, હાલ – જીઆઈડીસી દરેડ ખાતે આવેલ એવા – તેઓ શ્રી દ્વારા ખરીદાયેલ એવા – હાલ ના તબ્બકે ની તેમની માલીકી ધરાવતા હોય એવા– મુળ જીઆઈડીસી ના પ્લોટ નંબરઃ ૨૩૦ – ૨૩૯ – ૨૩૨ મા, જે નવા જોડાણ મેળવવા માટે ની પીજીવીસીએલ સમક્ષ, તા.૨૬–૦૫–૧૭ ના રોજ ની અરજી કરી અને માંગણી મુકેલ છે. તે જીઆઈડીસી દરેડ ખાતે આવેલ તેમના પ્લોટ નંબરઃ ૨૩૦ – ૨૩૯ – ૨૩૨ મા '' અગાઉ શ્રીમતીં કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા ના નામનુ – ગ્રાહક નઃ ૮૭૧૦૧/૫૮૭૧૪/૩ '' વાળુ, ૧૦ હોપા નુ ઓધૌગીક વીજજોડાણ હૈયાત હતુ. અને, પીજીવીસીએલ ના મુળ દેવાદાર એવા શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા તરફથી, સદર જોડાણ મા પીજીવીસીએલ દ્વારા કરાયેલ ની સમયાંતરે ના નિયમીત બીલીગ ની રકમ ભરપાઈ ન થતા, સદર જોડાણ, '' વાય–સ્ટેટસ '' હેઠળ ની, વસુલાત ની કાર્યવાહી હેઠળ રહેલ હતુ. અને તે મુજબ, સદર જોડાણ મા, હાલ ના તબ્બકે, પીજીવીસીએલ ની કુલ બાકી લેણી રકમ રૂ.૧,૦૨,૮૯૭/– વસુલાત ને પાત્ર રહેલ છે. અને આ રકમ ની વસુલાત માટે, પીજીવીસીએલ તરફથી '' પ્રાથમીક કક્ષાની તા.૦૮–૦૭–૧૭ ના રોજ, પ્રાથમીક કક્ષાની કાનુની રાહની – '' પ્રી–લીટીગેશન– લોક અદાલત સમન્સ નોટીસ '' પણ અપાયેલ છે. વિશેષમા, સદર પ્લોટ નંબરઃ ૨૩૦ – ૨૩૯ – ૨૩૨ પર અગાઉ, '' જે પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, બાકી દાર એવા શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા '' નુ જ, પીજીવીસીએલ ની સદર બાકી લેણી રકમ વાળુ ગ્રાહક નઃ ૮૭૧૦૧/૫૮૭૧૪/૩, જોડાણ હોવા સબંધક દસ્તાવેજીક પેપર્સ, તેમજ સ્થળ ચકાસણી / સ્થળ રોજકામ મુજબ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૨ અને ૨.૩ મુજબ ની વિગતે સ્વયં સ્પષ્ટ થયેલ છે. |
| <u>૩.૨</u> | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહેતા, ફરીયાદી અરજદાર શ્રી ની તા.૨૬–૦૫–૨૦૧૭ ની, નવા જોડાણ ની માંગણી મુજબ ના આ પ્લોટ નંબરઃ ૨૩૦ – ૨૩૯ – ૨૩૨ ઉપર જ '' કે જેમા હાલ ના તબ્બકે, પીજીવીસીએલ ની કુલ બાકી લેણી રકમ રૂ.૧,૦૨,૮૫૭/૯૧, જે વસુલાત ની કાર્યવાહી – જે શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા ના નામ પર જ પીજીવીસીએલ દ્વારા ચાલુ છે. પીજીવીસીએલ ના મુળ દેવાદાર ની આ વસુલાત ની બાબત ને, રેકર્ડ આધારીત દસ્તાવેજીક પેપર્સ તેમજ સ્થળ ચકાસણી મુજબ બીલકુલ સ્પષ્ટતાઓ મળેલ છે. જેથી, હાલ ના તબ્બકે, સદર પ્લોટ નંબરઃ ૨૩૦ – ૨૩૯ – ૨૩૨ ઉપર, અગાઉ ના વીજ ગ્રાહક શ્રીમતી કંચનબેન ભુપેન્દ્રભાઈ ફલીયા પર પીજીવીસીએલ ની બાકી લેણી રકમ વસુલાત ને પાત્ર હોય, પીજીવીસીએલ મા રહેલ એવી, નામદાર જીઈઆરસી ના માર્ગદર્શક ધારાધોરણ અન્વયે ની, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની કાર્યવાહી હેઠળ – ફરીયાદી અરજદાર શ્રી ને, તેમની પીજીવીસીએલ તરફથી – ફરીયાદી ની કચેરી મા રજુ કરાયેલ એવી, તા.૨૬–૦૫–૧૭ ની અરજી પર – નવુ જોડાણ આપી શકાય નહી. આ બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવાનો, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :**

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતો અને બાબતો ને આનુષાંગીક રહીને, મુદ્દા નં. ૩.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને, તેમની તા.૨૬–૦૫–૧૭ ના રોજ ની, હાલ ના તબ્બકા ની તેમની માલીકી ના પ્લોટ નંબર: ૨૩૦ – ૨૩૯ – ૨૩૨ ૫૨, નવુ જોડાણ મેળવવા માટે ની માંગણી મુજબ ની અરજી પરત્વે, પીજીવીસીએલ તરફથી, જે – કોઈ કાર્યવાહી હાથ ધરવામા આવેલ નથી – તે બાબત નામદાર જીઈઆરસી ના માર્ગદર્શક ધારાધોરણ અન્વયે, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવાની બાબતે ની, ફરીયાદી અરજદાર શ્રી ને જાણકારી આપવા સબબ નો હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.